# 2 સંકર સંખ્યાઓ

- સંકર સંખ્યાનું સ્વરૂપ $z = a + ib$, જ્યાં, $a, b \in R$
  $a = \text{Re}(z)$, $b = \text{Im}(z)$ તથા $i^2 = -1$
- સંકર સંખ્યા $z = a + ib$ ને $(a, b)$ વડે દર્શાવતાં તેનું ભૌમિતિક નિરૂપણ $R \times R$ માં કરી શકાય છે. તેને આર્ગન્ડ આકૃતિ કહે છે.
  X-અક્ષને **વાસ્તવિક અક્ષ** તેમજ Y-અક્ષને **કાલ્પનિક અક્ષ** કહે છે.




આકૃતિ 2.1

- સંકર સંખ્યાના ગણને C વડે દર્શાવાય છે.
- સંકર સંખ્યા $z = a + ib$ નો માનાંક $|z| = \sqrt{a^2+b^2}$ થાય.
- સંકર સંખ્યા $z = a + ib$ નું ધ્રુવીય (ત્રિકોણમિતિય) સ્વરૂપ
  $z = r(\cos\theta + i\sin\theta) = re^{i\theta}$ જ્યાં $r = \sqrt{a^2+b^2} = |z|$ ($e^{i\theta} = \cos\theta + i\sin\theta$) (ઑઈલર સ્વરૂપ)
- $z = a + ib$ ની અનુબદ્ધ સંકર સંખ્યા $\overline{z} = a - ib$ થાય. જો $\theta \in (-\pi, \pi]$ તો $\theta$ ને $z$ નો **મુખ્ય કોણાંક** કહે છે. તેને $arg(z)$ વડે દર્શાવાય છે.
- જો $z = r(\cos\theta + i\sin\theta) = re^{i\theta}$ સ્વરૂપમાં હોય, તો $\overline{z} = r(\cos\theta - i\sin\theta) = re^{-i\theta}$ લખી શકાય.
- $|z| = |\overline{z}|$
- $z + \overline{z} = 2\text{Re}(z)$, $z - \overline{z} = 2i\,\text{Im}(z)$
- $arg(\overline{z}) = -arg(z)$
- $z\overline{z} = |z|^2$
- $\overline{z_1 + z_2} = \overline{z_1} + \overline{z_2}$
- $\overline{z_1 z_2} = \overline{z_1}\,\overline{z_2}$
- $\overline{\left(\frac{z_1}{z_2}\right)} = \frac{\overline{z_1}}{\overline{z_2}}$, $z_2 \neq 0$
- $\left|\frac{z_1}{z_2}\right| = \frac{|z_1|}{|z_2|}$, $z_2 \neq 0$
- $arg(z_1 z_2) = arg(z_1) + arg(z_2)$
- $arg\left(\frac{z_1}{z_2}\right) = arg(z_1) - arg(z_2)$
- $arg\left(\frac{z}{\overline{z}}\right) = 2arg\, z$
- $arg(z^n) = n\, arg(z)$
- $|z_1 + z_2| \leq |z_1| + |z_2|$
- $|z_1 - z_2| \geq |\,|z_1| - |z_2|\,|$
- $|z_1 z_2| = |z_1|\,|z_2|$
- જો $z = re^{i\theta}$ તો $z^n = r^n e^{in\theta}$, $n \in Q$ **(દ-મુર પ્રમેય)**
- 1 નાં ઘનમૂળ :
  $1, \omega = \frac{-1+\sqrt{3}i}{2}, \omega^2 = \frac{-1-\sqrt{3}i}{2}$ એ 1 નાં ઘનમૂળ છે.
- $1 + \omega + \omega^2 = 0$, $\omega^3 = 1$.

- આર્ગન્ડ આકૃતિમાં 1 નાં ઘનમૂળ એ સમબાજુ ત્રિકોણનાં શિરોબિંદુ થાય.
- **1 નાં ચતુર્થ મૂળ**

  $1, i, -1, -i$ એ 1 નાં ચતુર્થ મૂળ છે.
- $z = a + ib = r\,(cos\,\theta + i\,sin\,\theta)$ નાં $n$ મૂળ $r^{\frac{1}{n}}\left[cos\left(\frac{2k\pi+\theta}{n}\right)+i\,sin\left(\frac{2k\pi+\theta}{n}\right)\right]$ જ્યાં $k = 0, 1, 2,..., n-1$
- સમીકરણ $|z - z_0| = r$ એ $z_0$ કેન્દ્ર તથા $r$ ત્રિજ્યાવાળું વર્તુળ દર્શાવે છે.
- જો $b^2 - 4ac < 0$, તો દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ જ્યાં, $a, b, c \in R$, $a \neq 0$ નાં બીજ $\frac{-b \pm i\sqrt{4ac-b^2}}{2a}$ છે.
- $|z_1 \pm z_2|^2 = |z_1|^2 + |z_2|^2 \pm 2Re\,(z_1 . \overline{z_2})$

  જો $z = x + iy$ તો,

$$arg\,z = tan^{-1}\left(\frac{y}{x}\right), \qquad x > 0, y \geq 0$$

$$= tan^{-1}\left(\frac{y}{x}\right) + \pi, \qquad x < 0, y \geq 0$$

$$= tan^{-1}\left(\frac{y}{x}\right) - \pi, \qquad x < 0, y < 0$$

$$= \frac{\pi}{2}, \qquad x = 0, y > 0$$

$$= -\frac{\pi}{2}, \qquad x = 0, y < 0$$

જો $x = 0, y = 0$ તો $arg\,z$ ન મળે.

જો $z_1, z_2$ એ આર્ગન્ડ આકૃતિમાં બે નિશ્ચિત બિંદુ હોય તો

- $|z - z_1| = |z - z_2| \Rightarrow z$ એ $z_1$ અને $z_2$ ના લંબદ્વિભાજક પરનું બિંદુ છે.
- $|z - z_1| + |z - z_2| = |z_1 - z_2| \Rightarrow z$ નો બિંદુગણ $z_1$ અને $z_2$ થી બનતો રેખાખંડ છે.
- $|z - z_1| + |z - z_2| =$ અચળ $(z_1 \neq z_2) \Rightarrow z$ નો બિંદુગણ ઉપવલય છે.
- $|z - z_1| - |z - z_2| = |z_1 - z_2| \Rightarrow z$ નો બિંદુગણ $z_1$ અને $z_2$ થી બનતો રેખાખંડ છે પરંતુ $z$ એ રેખાખંડ પર ન હોય.
- $|z - z_1| - |z - z_2| =$ અચળ $(z_1 \neq z_2) \Rightarrow z$ નો બિંદુગણ અતિવલય છે.
- $|z - z_1|^2 + |z - z_2|^2 = |z_1 - z_2|^2 \Rightarrow z$ નો બિંદુગણ એ વ્યાસનાં અંત્યબિંદુઓ $z_1$ અને $z_2$ હોય તેવું વર્તુળ છે.
- $|z - z_1| = k\,|z - z_2|, (k \neq 1) \Rightarrow z$ નો બિંદુગણ વર્તુળ છે.
- $arg\left(\frac{z-z_1}{z-z_2}\right) =$ અચળ $\Rightarrow z$ નો બિંદુગણ વૃત્તખંડ છે.
- $arg\left(\frac{z-z_1}{z-z_2}\right) = \pm\frac{\pi}{2} \Rightarrow z$ નો બિંદુગણ એ વ્યાસનાં શિરોબિંદુઓ $z_1$ અને $z_2$ હોય તેવું વર્તુળ છે.

- $arg\left(\frac{z-z_1}{z-z_2}\right) = 0$ અથવા $\pi \Rightarrow z$ નો બિંદુગણ એ $z_1$ અને $z_2$ માંથી પસાર થતી રેખા છે.

- જો $\left|z+\frac{1}{z}\right| = a$, તો $|z|$ નું મહત્તમ તથા ન્યૂનતમ મૂલ્ય $\frac{a+\sqrt{a^2+4}}{2}$ તથા $\frac{-a+\sqrt{a^2+4}}{2}$ છે.

ધારો કે $z_1, z_2, z_3$ એ $\Delta$ABC ના ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં આવેલ શિરોબિંદુઓ છે.

AB = $|z_1 - z_2|$, AC = $|z_3 - z_1|$ અને

BC = $|z_3 - z_2| = |(z_3 - z_1) - (z_2 - z_1)|$

જો $arg\left(\frac{z_3-z_1}{z_2-z_1}\right) = \alpha$ તથા $\left|\frac{z_3-z_1}{z_2-z_1}\right| = \frac{AC}{AB}$ હોય તો

$\frac{z_3-z_1}{z_2-z_1} = \frac{AC}{AB}(\cos\alpha + i\sin\alpha)$ થાય.



આકૃતિ 2.2

જો $z_1^2 + z_2^2 + z_3^2 = z_1z_2 + z_2z_3 + z_3z_1$ તો $\Delta$ABC એ સમબાજુ ત્રિકોણ થશે.

**બહુ વિકલ્પી પ્રશ્નો**

(1) જો ચતુર્ઘાત સમીકરણ $x^4 + ax^3 + bx^2 + cx + d = 0$ $(a, b, c, d \in R)$ નું કોઈપણ બીજ વાસ્તવિક સંખ્યા ન હોય તથા બે બીજનો સરવાળો $3 + 4i$ હોય અને બાકીનાં બે બીજનો ગુણાકાર $13 + i$ હોય, તો $b$ = ......

(A) 30 (B) 6 (C) 51 (D) 15

**ઉકેલ :** આપેલ સમીકરણ $x^4 + ax^3 + bx^2 + cx + d = 0$ છે. (1)

ધારો કે આપેલ સમીકરણનાં બીજ $\alpha \pm i\beta, \gamma \pm i\delta$ છે.

$\therefore$ આપેલ સમીકરણ

$(x - (\alpha + i\beta))(x - (\alpha - i\beta))(x - (\gamma + i\delta))(x - (\gamma - i\delta)) = 0$

$\therefore (x^2 - 2\alpha x + \alpha^2 + \beta^2)(x^2 - 2\gamma x + \gamma^2 + \delta^2) = 0$ (2)

આપણે $b$ ની કિંમત શોધવી છે. સમીકરણ (1) અને (2) ની સરખામણી કરતાં, $x^2$નો સહગુણક $b$ થશે.

$\therefore b = \alpha^2 + \beta^2 + 4\alpha\gamma + \gamma^2 + \delta^2$ (3)

આપેલ છે કે $\alpha + i\beta + \gamma + i\delta = 3 + 4i$

$\therefore \alpha + \gamma = 3$ અને $\beta + \delta = 4$

$\therefore \alpha^2 + \gamma^2 + 2\alpha\gamma = 9$ (4)

અને $\beta^2 + \delta^2 + 2\beta\delta = 16$

$\therefore \beta^2 + \delta^2 = 16 - 2\beta\delta$ (5)

સમીકરણ (4), (5)ની કિંમતો સમીકરણ (3)માં મૂકતા,

$b = 9 + 2\alpha\gamma + 16 - 2\beta\delta$ (6)

વળી, $(\alpha - i\beta)(\gamma - i\delta) = 13 + i$. આથી $(\alpha\gamma - \beta\delta) - i(\alpha\delta + \beta\gamma) = 13 + i$

$\therefore \alpha\gamma - \beta\delta = 13$

સમીકરણ (6) પરથી, $b = 25 + 2(13) = 51$ **જવાબ :** (C)

(2) $z_1$ અને $z_2$ ભિન્ન સંકર સંખ્યાઓ છે તથા $|z_1| = |z_2|$. જો $z_1$નો વાસ્તવિક ભાગ ધન સંખ્યા હોય તથા $z_2$ નો કાલ્પનિક ભાગ ઋણ સંખ્યા હોય, તો $\frac{z_1+z_2}{z_1-z_2}$ એ ........ છે. $\left(\frac{z_1+z_2}{z_1-z_2} \neq 0\right)$

(A) શુદ્ધ કાલ્પનિક સંખ્યા (B) વાસ્તવિક અને ધન (C) વાસ્તવિક અને ઋણ (D) શૂન્ય સંખ્યા

ઉકેલ : ધારો કે $z_1 = a + ib$ અને $z_2 = c - id$ જ્યાં $a > 0, d > 0$

$|z_1| = |z_2| \Rightarrow a^2 + b^2 = c^2 + d^2$ (1)

હવે, $\frac{z_1+z_2}{z_1-z_2} = \frac{(a+ib)+(c-id)}{(a+ib)-(c-id)} = \frac{[(a+c)+i(b-d)]}{[(a-c)+i(b+d)]}$

$= \frac{[(a+c)+i(b-d)][(a-c)-i(b+d)]}{[(a-c)+i(b+d)][(a-c)-i(b+d)]}$

$= \frac{(a^2+b^2)-(c^2+d^2)-2i(ad+bc)}{a^2+c^2-2ac+b^2+d^2+2bd}$

$= \frac{-(ad+bc)i}{a^2+b^2-ac+bd}$ ((1)નો ઉપયોગ કરતાં)

$\therefore \frac{z_1+z_2}{z_1-z_2}$ એ શુદ્ધ કાલ્પનિક સંખ્યા થાય.

**જવાબ :** (A)

(3) જો $|z| = 1$ અને $z^{2n} + 1 \neq 0$ તો $\frac{z^n}{z^{2n}+1} - \frac{z^{-n}}{(\bar{z})^{2n}+1} =$ ......

(A) 3 (B) 0 (C) $i$ (D) 1

ઉકેલ : ધારો કે $z = cos\theta + i\ sin\theta$

$\therefore \frac{z^n}{z^{2n}+1} - \frac{z^{-n}}{(\bar{z})^{2n}+1} = \frac{cos\,n\theta+i\,sin\,n\theta}{1+cos\,2n\theta+i\,sin\,2n\theta} - \frac{cos\,n\theta-i\,sin\,n\theta}{1+cos\,2n\theta-i\,sin\,2n\theta}$

$= \frac{cos\,n\theta+i\,sin\,n\theta}{2cos\,n\theta(cos\,n\theta+i\,sin\,n\theta)} - \frac{cos\,n\theta-i\,sin\,n\theta}{2cos\,n\theta(cos\,n\theta-i\,sin\,n\theta)}$

$= \frac{1}{2cos\,n\theta} - \frac{1}{2cos\,n\theta} = 0$ **જવાબ :** (B)

**બીજી રીત :** $|z| = 1 \Rightarrow z\bar{z} = 1$

$\frac{z^n}{z^{2n}+1} - \frac{z^{-n}}{(\bar{z})^{2n}+1} = \frac{z^n}{z^{2n}+1} - \frac{z^{-n}}{\left(\frac{1}{z}\right)^{2n}+1} = \frac{z^n}{z^{2n}+1} - \frac{z^{2n}\cdot z^{-n}}{1+z^{2n}} = \frac{z^n}{z^{2n}+1} - \frac{z^n}{z^{2n}+1} = 0$

(4) $\log_{\frac{1}{2}}\left(\frac{|z-1|+4}{3|z-1|-2}\right) > 1$ (જ્યાં $|z-1| \neq \frac{2}{3}$) અસમતાનું પાલન કરતી સંકર સંખ્યાનો બિંદુગણ ......

(A) વર્તુળ છે. (B) વર્તુળની અંદરનો ભાગ. (C) વર્તુળનો બહારનો ભાગ. (D) રેખા છે.

ઉકેલ : $\log_{\frac{1}{2}}\left(\frac{|z-1|+4}{3|z-1|-2}\right) > 1 = \log_{\frac{1}{2}}\left(\frac{1}{2}\right)$

$\therefore \left(\frac{|z-1|+4}{3|z-1|-2}\right) < \frac{1}{2}$ ($\log_a x$ એ $a < 1$ માટે ઘટતું વિધેય છે.)

$\therefore 2|z-1| + 8 < 3|z-1| - 2$

$\therefore |z-1| > 10$ વર્તુળની બહારનો ભાગ છે. **જવાબ :** (C)

(5) જો $\alpha, \beta$ એ $x^2 - 2x + 2 = 0$ નાં બીજ હોય, તો $\alpha^n + \beta^n =$ ......

(A) $2^{\frac{n}{2}}\cos\frac{n\pi}{4}$ (B) $2^{\frac{n}{2}+1}\cos\frac{n\pi}{4}$ (C) $2^{\frac{n}{2}-1}\cos\frac{n\pi}{4}$ (D) 0

ઉકેલ : $x^2 - 2x + 2 = 0$

$\therefore x = \dfrac{2 \pm \sqrt{4-8}}{2} = 1 \pm i$

$\therefore$ ધારો કે $\alpha = 1 + i, \quad \beta = 1 - i,$

$\alpha^n + \beta^n = (1 + i)^n + (1 - i)^n$

$$= \left[\sqrt{2}\left(cos\frac{\pi}{4} + i\,sin\frac{\pi}{4}\right)\right]^n + \left[\sqrt{2}\left(cos\frac{\pi}{4} - i\,sin\frac{\pi}{4}\right)\right]^n$$

$$= 2^{\frac{n}{2}}\left[cos\left(\frac{n\pi}{4}\right) + i\,sin\left(\frac{n\pi}{4}\right) + cos\left(\frac{n\pi}{4}\right) - i\,sin\left(\frac{n\pi}{4}\right)\right] = 2^{\frac{n}{2}} \cdot 2cos\left(\frac{n\pi}{4}\right) = 2^{\frac{n}{2}+1}cos\left(\frac{n\pi}{4}\right)$$ **જવાબ :** (B)

(6) જો $x^2 - x\sqrt{3} + 1 = 0$, તો $\sum_{n=1}^{36}\left(x^n - \frac{1}{x^n}\right)^2 = ......$

(A) 0 (B) –72 (C) 72 (D) 36

**ઉકેલ :** $x^2 - x\sqrt{3} + 1 = 0$

$$x = \frac{\sqrt{3} \pm \sqrt{3-4}}{2} = \frac{\sqrt{3} \pm i}{2}$$

$\therefore x = \dfrac{\sqrt{3}}{2} + \dfrac{i}{2}$ લેતાં, $x = cos\,\dfrac{\pi}{6} + i\,sin\,\dfrac{\pi}{6}$

$\therefore x^{2n} = cos\,\dfrac{n\pi}{3} + i\,sin\,\dfrac{n\pi}{3}$ તથા $x^{-2n} = cos\,\dfrac{n\pi}{3} - i\,sin\,\dfrac{n\pi}{3}$

$$\therefore \left(x^n - \frac{1}{x^n}\right)^2 = x^{2n} + \frac{1}{x^{2n}} - 2 = x^{2n} + x^{-2n} - 2 = 2\,cos\,\frac{n\pi}{3} - 2$$

હવે, $\sum_{n=1}^{36}\left(x^n - \frac{1}{x^n}\right)^2 = \sum_{n=1}^{36}\left(-2 + 2cos\frac{n\pi}{3}\right)$

$$= -2 \times 36 + 2\left[cos\frac{\pi}{3} + cos\frac{2\pi}{3} + ... + cos\frac{36\pi}{3}\right]$$

$$= -72 + 2\,\frac{\left[cos\left(\frac{\pi}{3} + \frac{35\pi}{6}\right)sin\left(\frac{36\pi}{3\times 2}\right)\right]}{sin\frac{\pi}{6}}$$

$$\left(cos\,\alpha + cos\,(\alpha+\beta) + ....n \text{ પદ સુધી } = \frac{sin\frac{n\beta}{2}}{sin\frac{\beta}{2}}cos\left(\alpha + \frac{(n-1)\beta}{2}\right)\right)$$

$= -72 + 0$

$= -72$ **જવાબ :** (B)

(7) જો $x^2 + x + 1 = 0$ નાં બે બીજ $a$ અને $b$ હોય, તો જેનાં બીજ $a^{19}$ અને $b^7$ હોય, તેવું સમીકરણ ......

(A) $x^2 - x + 1 = 0$ (B) $x^2 - x - 1 = 0$ (C) $x^2 + x - 1 = 0$ (D) $x^2 + x + 1 = 0$

**ઉકેલ :** $x^2 + x + 1 = 0$ નાં બે બીજ $a$ અને $b$ હોય, તો $a = \omega$ તથા $b = \omega^2$ લઈ શકાય, જ્યાં $\omega = \dfrac{-1+\sqrt{3}i}{2}$

હવે, $a^{19} = \omega^{19} = \omega^{18}\,\omega = \omega \quad b^7 = (\omega^2)^7 = \omega^{14} = \omega^2$

તથા માંગેલ સમીકરણ $x^2 - (\omega + \omega^2)x + \omega \cdot \omega^2 = 0$

$x^2 + x + 1 = 0 \qquad (\omega + \omega^2 = -1,\ \omega\,.\omega^2 = \omega^3 = 1)$ **જવાબ :** (D)

(8) $f(z)$ ને $z - i$ વડે ભાગીએ તો શેષ $i$ મળે છે તથા જો તેને જ $z + i$ વડે ભાગીએ તો શેષ $1 + i$ મળે છે. જો $f(z)$ ને $z^2 + 1$ વડે ભાગીએ તો મળતી શેષ ......

(A) $\frac{1}{2}(iz + 1)$ (B) $\frac{1}{2}(iz + 1 + 2i)$ (C) $iz + 1 + i$ (D) 0

**ઉકેલ :** $f(z)$ ને $z - i$ વડે ભાગીએ તો શેષ $i$ મળે છે.

$\therefore f(i) = i.$ (1)

તે જ રીતે, $f(-i) = 1+i.$ (2)

$z^2 + 1$ એ દ્વિઘાત પદાવલિ છે. તેથી $f(z)$ ને $z^2 + 1$ વડે ભાગીએ, તો $az + b$ ($a, b \in R$) પ્રકારની શેષ મળે.

ધારો કે $f(z) = g(z)\ (z^2 + 1) + az + b$ (3)

$\therefore f(i) = g(i)\ (i^2 + 1) + ai + b$

$\therefore i = ai + b$ (4)

તથા $f(-i) = g(-i)\ ((-i)^2 + 1) + a(-i) + b$

$1 + i = -ai + b$ (5)

(4) અને (5)ને ઉકેલતાં, $b = \frac{1}{2} + i,\ a = \frac{i}{2}$

$\therefore$ માંગેલ શેષ $az + b = \frac{1}{2}iz + \frac{1}{2} + i = \frac{1}{2}(iz + 1 + 2i)$ **જવાબ :** (B)

(9) ધારો કે $a = e^{\frac{i2\pi}{13}}$. $\alpha = a + a^3 + a^4 + a^{-4} + a^{-3} + a^{-1}$ તથા $\beta = a^2 + a^5 + a^6 + a^{-6} + a^{-5} + a^{-2}$ જેનાં બીજ હોય તેવું દ્વિઘાત સમીકરણ ...... છે.

(A) $x^3 - x - 3 = 0$ (B) $x^2 - x + 2 = 0$ (C) $x^2 + x + 3 = 0$ (D) $x^2 + x - 3 = 0$

**ઉકેલ :** બીજોનો સરવાળો

$$\begin{aligned}\alpha + \beta &= (a + a^3 + a^4 + a^{-4} + a^{-3} + a^{-1}) + (a^2 + a^5 + a^6 + a^{-6} + a^{-5} + a^{-2}) \\ &= (a + a^3 + a^4 + a^9 + a^{10} + a^{12}) + (a^2 + a^5 + a^6 + a^7 + a^8 + a^{11}) \qquad (a^{13} = 1) \\ &= a + a^2 + a^3 + \ldots + a^{12} \\ &= \frac{a(1-a^{12})}{1-a} = \frac{a(1-a^{13}a^{-1})}{1-a} = \frac{a(1-a^{-1})}{1-a} = -1 \qquad (a^{13} = 1)\end{aligned}$$

બીજોનો ગુણાકાર

$$\begin{aligned}\alpha\beta &= (a + a^3 + a^4 + a^{-4} + a^{-3} + a^{-1})\ (a^2 + a^5 + a^6 + a^{-6} + a^{-5} + a^{-2}) \\ &= (a + a^3 + a^4 + a^9 + a^{10} + a^{12})\ (a^2 + a^5 + a^6 + a^7 + a^8 + a^{11}) \\ &= a^3\,(1 + a^2 + a^3 + a^8 + a^9 + a^{11})\ (1 + a^3 + a^4 + a^5 + a^6 + a^9) \\ &= a^3\,[1 + a^2 + 2\,(a^3 + a^5 + a^7 + a^9 + a^{13} + a^{15} + a^{17}) + a^4 + 3\,(a^6 + a^8 + a^{11} + a^{12} + a^{14}) + \\ &\qquad (a^2 + a^{25} + a^{18} + a^{20})] \\ &= 3\,(a + a^2 + a^3 + \ldots + a^{12}) = 3(-1) = -3\end{aligned}$$

$\therefore$ માંગેલ દ્વિઘાત સમીકરણ $x^2 - (-1)x - 3 = 0$

$x^2 + x - 3 = 0$ **જવાબ :** (D)

(10) જો $\left|\dfrac{1-iz}{z-i}\right| = 1$, તો ......

(A) $z$ એ શુદ્ધ કાલ્પનિક સંખ્યા હોય. (B) $z$ એ વાસ્તવિક સંખ્યા હોય.

(C) $P(z)$ એ બીજા ચરણમાં હોય. (D) $P(z)$ એ ત્રીજા ચરણમાં હોય.

**ઉકેલ** : $z = x + iy$ લેતાં,

$|1 - iz|^2 = |z - i|^2$

$\therefore |1 - i(x + iy)|^2 = |x + iy - i|^2$

$\therefore |1 - ix + y|^2 = |x + i(y - 1)|^2$

$\therefore (1 + y)^2 + x^2 = x^2 + (y - 1)^2$

$\therefore y = 0$

$\therefore$ $z$ એ વાસ્તવિક સંખ્યા થશે.

**બીજી રીત :** $|z - i| = |1 - iz| = |i + z|$

$\therefore$ $P(z)$ એ $P(i)$ તથા $P(-1)$ના લંબદુભાજક પર છે

$\therefore$ $P(z)$ X-અક્ષ પર છે.

$\therefore$ $z$ વાસ્તવિક સંખ્યા છે.

**જવાબ :** (B)

(11) જો $z \neq 0$, તો $|z^i|$ ની મહત્તમ સીમા ...... થશે.

(A) $|z|$ (B) 1 (C) $e^{-\pi}$ (D) $e^{\pi}$

**ઉકેલ** : ધારો કે $z = re^{i\theta}$, $-\pi < \theta \leq \pi$.

$\therefore z^i = r^i e^{-\theta} = e^{\log r^i} . e^{-\theta}$

$= e^{(i \log r - \theta)}$

$= (cos (\log r) + i\, sin (\log r))\, e^{-\theta}$

$\therefore$ $|z^i| = |e^{-\theta}| < e^{\pi}$ $\quad -\pi < \theta \leq \pi, \ -\pi \leq -\theta < \pi$

$\therefore$ $|z^i|$ ની મહત્તમ સીમા $e^{\pi}$ થાય.

**જવાબ :** (D)

(12) જો $z$ એ સંકર સંખ્યા હોય તથા $|z| \geq 2$ તો $\left|z + \frac{1}{2}\right|$ ની ન્યૂનતમ કિંમત

(A) અંતરાલ (1, 2) માં છે. (B) $\frac{5}{2}$ થી વધુ હોય. (C) $\frac{3}{2}$ થી વધુ તથા $\frac{5}{2}$ થી ઓછી હોય. (D) $\frac{5}{2}$ હોય.

**ઉકેલ : રીત 1**

ભૌમિતિક રીતે $|z| = 2$ એ ઊગમબિંદુ કેન્દ્ર તથા 2 ત્રિજ્યાવાળું વર્તુળ છે.
$|z| \geq 2$ એ આકૃતિમાં દર્શાવ્યા મુજબ વર્તુળ તેમજ તેની બહારનો પ્રદેશ થશે.

$\left|z + \frac{1}{2}\right| = \left|z - \left(-\frac{1}{2}\right)\right|$ એ $z$ તેમજ $\left(-\frac{1}{2}, 0\right)$ વચ્ચેનું અંતર છે. આ અંતર

$(-2, 0)$ આગળ ન્યૂનતમ થશે જે $\frac{3}{2}$ છે.



આકૃતિ 2.3

**રીત 2**

$\left|z + \frac{1}{2}\right| = \left|z - \left(-\frac{1}{2}\right)\right| \geq \left||z| - \left|-\frac{1}{2}\right|\right| = \left||z| - \frac{1}{2}\right|$

$|z| \geq 2$ ની ન્યૂનતમ કિંમત જ્યાં $|z| = 2$ હોય ત્યાં થશે.

$\therefore \left|z + \frac{1}{2}\right|_{min} = \left|2 - \frac{1}{2}\right| = \frac{3}{2}$

**જવાબ :** (A)

(13) $\bar{z} = z^2$ શરતનું પાલન કરતી કેટલી સંકર સંખ્યાઓ મળે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

**ઉકેલ** : ધારો કે $z = x + iy$

હવે $\bar{z} = z^2$

$\therefore x - iy = (x^2 - y^2) + i\,(2xy)$

$\therefore x = x^2 - y^2$ અને $-y = 2xy$

બીજા પરિણામ પરથી, $y = 0$ અથવા $x = -\frac{1}{2}$

ધારો કે $y = 0$. આથી $x = x^2 - y^2$ પરથી $x = x^2$

$\therefore x = 0$ અથવા $x = 1$

$\therefore z = 0$ અથવા $z = 1$

હવે જો $x = \frac{-1}{2}$ તો $\frac{-1}{2} = \frac{1}{4} - y^2$. આથી $y = \pm\frac{\sqrt{3}}{2}$

આમ, $z = \frac{-1}{2} + i\frac{\sqrt{3}}{2}$ અથવા $z = \frac{-1}{2} - i\frac{\sqrt{3}}{2}$

આપેલ શરતનું પાલન કરતી કુલ ચાર સંકર સંખ્યાઓ મળે. **જવાબ :** (D)

(14) શૂન્યેતર ભિન્ન સંકર સંખ્યાઓ $z$ અને $w$ માટે જો $|z|^2 w - |w|^2 z = z - w$ તો ......

(A) $z = -w$ (B) $z = \bar{w}$ (C) $z\bar{w} = 1$ (D) $zw = 1$

**ઉકેલ** : $|z|^2 w - |w|^2 z = z - w$ ની પુનઃગોઠવણી કરતાં,

$$\frac{z}{w} = \frac{1+|z|^2}{1+|w|^2} \qquad (1)$$

$\therefore \frac{z}{w}$ એ વાસ્તવિક સંખ્યા થશે. ધારો કે $\frac{z}{w} = k$ જ્યાં $k \in R$

$$\therefore \frac{kw}{w} = \frac{1+k^2|w|^2}{1+|w|^2} \qquad ((1)\text{ પરથી})$$

$\therefore k + k|w|^2 = 1 + k^2 |w|^2$

$\therefore k - 1 = k\,|w|^2 (k-1)$

$\therefore (k|w|^2 - 1)(k - 1) = 0$

$\therefore k = 1$ અથવા $k = \frac{1}{|w|^2}$

$\therefore \frac{z}{w} = 1$ અથવા $\frac{z}{w} = \frac{1}{|w|^2} = \frac{1}{w\bar{w}}$ $\qquad (z \neq w, w \neq 0)$

$z\bar{w} = 1$ **જવાબ :** (C)

(15) જો $\left|z - \frac{4}{z}\right| = 2$ હોય, તો $|z|$ નાં મહત્તમ તથા ન્યૂનતમ મૂલ્યો વચ્ચેનો તફાવત ...... છે. $(z \neq 0)$

(A) 1 (B) 2 (C) 3 (D) 4

**ઉકેલ** : $\left|z - \frac{4}{z}\right| \geq \left||z| - \frac{4}{|z|}\right|$

$\therefore \left||z| - \frac{4}{|z|}\right| \leq \left|z - \frac{4}{z}\right|$

$\therefore \left||z|-\frac{4}{|z|}\right| \le 2$

$\therefore -2 \le |z| - \frac{4}{|z|} \le 2$

$\therefore |z|^2 + 2|z| - 4 \ge 0$ અને $|z|^2 - 2|z| - 4 \le 0$

$(|z|+1)^2 \ge 5$ તથા $(|z|-1)^2 \le 5$

$\left||z|+1\right| \ge \sqrt{5}$ તથા $\left||z|-1\right| \le \sqrt{5}$

$\therefore |z|+1 \ge \sqrt{5}$ તથા $-\sqrt{5} \le |z|-1 \le \sqrt{5}$

$\therefore |z| \ge \sqrt{5}-1$ તથા $1-\sqrt{5} \le |z| \le \sqrt{5}+1$

$\sqrt{5}-1 \le |z| \le \sqrt{5}+1$

$\therefore$ મહત્તમ $|z|$ – ન્યૂનતમ $|z| = (\sqrt{5}+1) - (\sqrt{5}-1) = 2$

$\therefore |z|$ નાં મહત્તમ તથા ન્યૂનતમ મૂલ્યો વચ્ચેનો તફાવત 2 થશે. **જવાબ :** (B)

(16) જો $z$ એ વાસ્તવિક ન હોય તેવી સંકર સંખ્યા વર્તુળ $|z| = 1$ પર આવેલ છે, તો $z =$ ......

(A) $\dfrac{1-i\tan\left(\frac{\arg z}{2}\right)}{1+i\tan\left(\frac{\arg z}{2}\right)}$ (B) $\dfrac{1+i\tan\left(\frac{\arg z}{2}\right)}{1-i\tan\left(\frac{\arg z}{2}\right)}$ (C) $\dfrac{1-i\tan(\arg z)}{1+i\tan(\arg z)}$ (D) $\dfrac{1+i\tan(\arg z)}{1-i\tan(\arg z)}$

**ઉકેલ :** $|z| = 1$ હોવાથી $z = \cos\alpha + i\sin\alpha$ આથી $\arg(z) = \alpha$

$$\therefore z = \frac{1-\tan^2\frac{\alpha}{2}}{1+\tan^2\frac{\alpha}{2}} + i\,\frac{2\tan\frac{\alpha}{z}}{1+\tan^2\frac{\alpha}{2}}$$

$$= \frac{\left(1-\tan^2\frac{\alpha}{2}\right)+i\,2\tan\frac{\alpha}{2}}{1+\tan^2\frac{\alpha}{2}}$$

$$= \frac{\left(1+i\tan\frac{\alpha}{2}\right)^2}{\left(1+i\tan\frac{\alpha}{2}\right)\left(1-i\tan\frac{\alpha}{2}\right)} = \frac{1+i\tan\frac{\alpha}{2}}{1-i\tan\frac{\alpha}{2}}$$

$$= \frac{1+i\tan\left(\frac{\arg z}{2}\right)}{1-i\tan\left(\frac{\arg z}{2}\right)}$$

**જવાબ :** (B)

(17) $\cos y \sin y + \cos^2 y \sin 2y + \cos^3 y \sin 3y + \ldots n$ પદ ......

(A) $\tan y\,(1 - \sin^n y \sin ny)$ (B) $\tan y\,(1 - \cos^n y \cos ny)$

(C) $\cot y\,(1 - \sin^n y \sin ny)$ (D) $\cot y\,(1 - \cos^n y \cos ny)$

**ઉકેલ :** ધારો કે $\cos y = a$

$S = a\sin y + a^2 \sin 2y + a^3 \sin 3y + \ldots n$ પદ

$C = a\cos y + a^2 \cos 2y + a^3 \cos 3y + \ldots n$ પદ

$\therefore C+iS = ae^{iy} + a^2 e^{i2y} + a^3 e^{i3y} + \ldots n$ પદ

$$= \frac{ae^{iy}[1-a^n e^{iny}]}{1-ae^{iy}}$$

$$= \frac{ae^{iy}[1-a^n e^{iny}][1-ae^{-iy}]}{1-a(e^{iy}+e^{-iy})+a^2 e^{iy} e^{-iy}}$$

$$= \frac{(ae^{iy}-a^2)[1-a^n e^{iny}]}{1-a(2cosy)+a^2}$$

$$\therefore C+iS = [cosy\ (cosy + i\ sin\ y) - cos^2y] \cdot \frac{\left[1-cos^n y(cosny+i\,sin\,ny\right]}{1-2cos^2 y+cos^2 y}$$

($a = cos\ y$, તથા $e^{i\theta} = cos\theta + i\ sin\theta$)

$$= \frac{i\,sin\,y\,cos\,y}{sin^2 y}\ [1 - cos^n ycosny - i\ cos^n ysinny]$$

S = કાલ્પનિક ભાગ

$= cot\ y\ (1 - cos^n y\ cosny)$ **જવાબ :** (D)

(18) $\left|\frac{z-12}{z-8i}\right| = \frac{5}{3}$ અને $\left|\frac{z-4}{z-8}\right| = 1$ બંને શરતનું પાલન કરતી બધી સંકર સંખ્યાઓના કાલ્પનિક ભાગનો સરવાળો ...... થાય.

(A) 25 (B) 28 (C) 32 (D) 35

**ઉકેલ :** સહેલાઈથી જોઈ શકાય છે કે પ્રથમ સમીકરણ વર્તુળ દર્શાવે છે.

બીજુ સમીકરણ એ (4, 0) તથા (8, 0)ને જોડતા રેખાખંડનો લંબદ્વિભાજક દર્શાવે છે.

$\therefore z$ નું સ્વરૂપ $6 + yi$ પ્રકારનું હોય.

$$\left|\frac{z-12}{z-8i}\right| = \frac{5}{3}$$

$$\therefore \left|\frac{-6+yi}{6+(y-8)i}\right| = \frac{5}{3}$$

$\therefore 9\ (6^2 + y^2) = 25\ (6^2 + (y - 8)^2)$

$\therefore 16\ y^2 - 400y + 2176 = 0$

$\therefore y^2 - 25y + 136 = 0$

$\therefore y = 8$ અથવા $y = 17$

$\therefore z = 6+8i$ અથવા $6 + 17i$

$\therefore$ માંગેલ સરવાળો = 8+17 = 25 **જવાબ :** (A)

(19) વાસ્તવિક સહગુણકવાળી બહુપદી $f(x) = x^4 + ax^3 + bx^2 + cx + d$ માટે $f(2i) = f(2+i) = 0$ હોય તો $a + b + c + d = ......$

(A) 1 (B) 4 (C) 9 (D) 10

**ઉકેલ :** આપણે જાણીએ છીએ કે જો $z = a + ib$ કોઈ વાસ્તવિક સહગુણકોવાળા બહુપદીય સમીકરણનું એક બીજ હોય, તો $a - ib$ પણ તે બહુપદીય સમીકરણનું અન્ય બીજ થશે.

$\therefore$ આપેલ બહુપદી સમીકરણ $f(x)$નાં બીજ $2i, -2i, 2 + i, 2 - i$ થશે.

$\therefore f(x) = (x + 2i)\ (x - 2i)\ (x - 2-i)\ (x - 2 + i)$

$f(1) = (1 + 2i)\ (1 - 2i)\ (1 - 2 - i)\ (1 - 2 + i) = 5 \times 2 = 10$

$\therefore 1 + a + b + c + d = 10$

$\therefore a + b + c + d = 9$ **જવાબ :** (C)

(20) જો ω એ 1 નું ઘનમૂળ હોય તો $2(1+\omega)(1+\omega^2) + 3(2\omega+1)(2\omega^2+1) + ... + (n+1)(n\omega+1)(n\omega^2+1)$ $= ......$ $(\omega \neq 1)$

(A) $\frac{n^2(n+1)^2}{4}$ (B) $\frac{n^2(n+1)^2}{4}+n$ (C) $\frac{n^2(n+1)^2}{4}-n$ (D) $\frac{n^2(n+1)}{2}+n$

**ઉકેલ :** $z = \sum_{r=1}^{n}(r+1)(1+r\omega)(1+r\omega^2)$

$$= \sum_{r=1}^{n}(r+1)\left[1+r(\omega+\omega^2)+r^2\omega^3\right]$$

$$= \sum_{r=1}^{n}(r+1)\left(1-r+r^2\right) \qquad (\omega^3 = 1,\ 1+\omega+\omega^2 = 0)$$

$$= \sum_{r=1}^{n}(r^3+1) = \frac{n^2(n+1)^2}{4} + n$$

**જવાબ :** (B)

(21) જો સંકર સંખ્યા $z$ $(z \neq 2)$એ સમીકરણ $z^2 = 4z + |z|^2 + \frac{16}{|z|^3}$ નું સમાધાન કરે તો $|z|^4$ ની કિંમત ...... થાય.

(A) 1 (B) 2 (C) 3 (D) 4

**ઉકેલ :** ધારો કે $z = re^{i\theta}$. આથી $r = |z|$. આથી $\frac{1}{z} = \frac{1}{r}e^{-i\theta}$.

આપેલ સમીકરણમાં $z$ તથા $\frac{1}{z}$ ની કિંમત મૂકતાં,

$r^2 e^{2i\theta} = 4re^{i\theta} + r^2 + \frac{16}{r^3}$

વાસ્તવિક ભાગ અને કાલ્પનિક ભાગ સરખાવતાં,

$r^2 \cos 2\theta = 4r \cos\theta + r^2 + \frac{16}{r^3}$ (1)

$r^2 \sin 2\theta = 4r \sin\theta$ (2)

$\therefore 2r^2 \sin\theta \cos\theta - 4r \sin\theta = 0$

$\therefore r \sin\theta = 0$ અથવા $r \cos\theta = 2$

**વિકલ્પ 1 :** $r \sin\theta = 0$. આથી $\sin\theta = 0$ $(r \neq 0)$

$\therefore \cos\theta = \pm 1$

$\cos\theta = 1$ સમીકરણ (1) માં મૂકતાં,

$r^2(2\cos^2\theta - 1) = 4r\cos\theta + r^2 + \frac{16}{r^3}$

$r^2 = 4r + r^2 + \frac{16}{r^3}$

$\therefore 4r + \frac{16}{r^3} = 0$

$\therefore 4r = \frac{-16}{r^3}$

$\therefore r^4 = -4$ શક્ય નથી.

**વિકલ્પ 2 :** $\cos\theta = -1$ સમીકરણ (1)માં મૂકતાં,

$r^4 = 4$

આથી $|z|^4 = 4$

**વિકલ્પ 3 :** $r\cos\theta = 2$

સમીકરણ (1) પરથી, $r^5 = -8$ જે શક્ય નથી, કારણ કે $r = |z|$

$\therefore r^4 = 4$

$\therefore |z|^4 = 4$ **જવાબ :** (D)

(22) જો $|u| < 1, |v| < 1$ અને $z = \frac{u-v}{1-uv}$ તો $|z|$ ની ન્યૂનતમ કિંમત ..... થાય.

(A) $\frac{|u|-|v|}{1+|u||v|}$ (B) $\frac{|u|+|v|}{1-|u||v|}$ (C) $\frac{\left||u|-|v|\right|}{1-|u||v|}$ (D) $\frac{|u|+|v|}{1-|u||v|}$

**ઉકેલ :** $z = \frac{u-v}{1-uv}$

$|u-v| > \left||u|-|v|\right|$ (1)

ધારો કે $u = re^{i\theta}$, $v = \rho e^{i\phi}$;

$\therefore |u| = r, |v| = \rho$ તથા $r, \rho < 1$

$|1-uv|^2 = |1 - r\rho\, e^{i(\theta+\phi)}|^2 = |1 - r\rho\cos(\theta+\phi) - ir\rho\sin(\theta+\phi)|^2$

$= 1 + r^2\rho^2\cos^2(\theta+\phi) + r^2\rho^2\sin^2(\theta+\phi) - 2r\rho\cos(\theta+\phi)$

$\le 1 + r^2\rho^2 + 2r\rho$

$\le (1+r\rho)^2 = (1+|u||v|)^2$ $\quad (\cos(\theta+\phi) \ge -1))$

$\therefore |1-uv| \le (1+|u||v|)$ (2)

(1) અને (2) પરથી

$|z| = \left|\frac{u-v}{1-uv}\right| \ge \frac{\left||u|-|v|\right|}{1-|u||v|}$

**નોંધ :** $\theta = \phi = 0$ માટે ન્યૂનતમ કિંમત મળે.

**બીજી રીત :** $|u-v| \ge \left||u|-|v|\right|$

$\therefore |1-uv| = |1+(-uv)| \le |1| + |uv| = 1 + |u||v|$

$\therefore \frac{1}{|1-uv|} \ge \frac{1}{1+|u||v|}$

$\therefore |z| = \left|\frac{u-v}{1-uv}\right| \ge \frac{\left||u|-|v|\right|}{1+|u||v|}$ **જવાબ :** (A)

(23) જો $\frac{z-1}{e^{i\theta}} + \frac{e^{i\theta}}{z-1}$ નો કાલ્પનિક ભાગ શૂન્ય હોય, તથા $\frac{z-1}{e^{i\theta}}$ વાસ્તવિક ન હોય તો $z$ એ

(A) રેખા પર હોય. (B) પરવલય પર હોય. (C) વર્તુળ પર હોય. (D) ઉપવલય પર હોય.

**ઉકેલ :** આપેલ છે કે $u + \frac{1}{u}$ નો કાલ્પનિક ભાગ શૂન્ય છે, જ્યાં $u = \frac{z-1}{e^{i\theta}}$

હવે, જો સંકર સંખ્યા $z$ નો કાલ્પનિક ભાગ શૂન્ય હોય, તો $z - \bar{z} = 2iy = 0$

$$\therefore \left(u+\frac{1}{u}\right) - \left(\overline{u+\frac{1}{u}}\right) = 0$$

$$\therefore \left(u+\frac{1}{u}\right) - \left(\bar{u}+\frac{1}{\bar{u}}\right) = 0$$

$$\therefore \left(u-\bar{u}\right) + \left(\frac{1}{u}-\frac{1}{\bar{u}}\right) = 0$$

$\therefore\ (u-\bar{u}) - \left(\dfrac{u-\bar{u}}{u\bar{u}}\right) = 0$

$\therefore\ (u-\bar{u})\left(1-\dfrac{1}{|u|^2}\right) = 0$ $\qquad (|u|^2 = u\bar{u})$

$\therefore\ |u|^2 = 1$ $\qquad (u \neq \bar{u})$

$\therefore\ \left|\dfrac{z-1}{e^{i\theta}}\right|^2 = 1$

$\therefore\ |z-1|^2 = 1$ $\qquad (|e^{i\theta}| = 1)$

$\therefore\ |z-1| = 1$

$\therefore$ $z$ એ વર્તુળ પર આવેલ બિંદુ છે. **જવાબ :** (C)

(24) સમીકરણ $z^n = (z+1)^n$ નાં બીજ .......

(A) $\frac{1}{2}$ ત્રિજ્યાવાળા વર્તુળ પર આવેલ છે. (B) $2x + 1 = 0$ રેખા પર આવેલ છે.

(C) $n$ બાજુવાળા નિયમિત બહુકોણ પર આવેલ છે. (D) $2n$ બાજુવાળા નિયમિત બહુકોણ પર આવેલ છે.

**ઉકેલ :** $z^n = (z+1)^n$

$\therefore\ \left(1+\dfrac{1}{z}\right)^n = 1$

$\therefore\ 1+\dfrac{1}{z} = \cos\dfrac{2k\pi}{n} + i\sin\dfrac{2k\pi}{n}$, $k = 0, 1, 2, ..., n-1$

$\therefore$ $k = 0$ માટે $\frac{1}{z} = 0$ શક્ય નથી.

$$\therefore z = \dfrac{1}{-1+\cos\dfrac{2k\pi}{n}+i\sin\dfrac{2k\pi}{n}},\ k = 1, 2, ...., n-1$$

$$= \dfrac{-1+\cos\dfrac{2k\pi}{n}-i\sin\dfrac{2k\pi}{n}}{\left(-1+\cos\dfrac{2k\pi}{n}\right)^2+\sin^2\dfrac{2k\pi}{n}}$$

$$= \dfrac{-\left(1-\cos\dfrac{2k\pi}{n}\right)-i\sin\dfrac{2k\pi}{n}}{2\left(1-\cos\dfrac{2k\pi}{n}\right)} = \dfrac{-1}{2} - \dfrac{i\sin\dfrac{2k\pi}{n}}{2\left(1-\cos\dfrac{2k\pi}{n}\right)} = \dfrac{-1}{2} - \left(\dfrac{-1}{2}\cot\dfrac{k\pi}{n}\right)$$

$\therefore$ Re $(z) = \frac{-1}{2}$. આથી $x = \frac{-1}{2}$

સમીકરણ $z^n = (z+1)^n$ નાં બીજ રેખા $2x + 1 = 0$ પર આવેલ છે. **જવાબ :** (B)

(25) $z_1$ અને $z_2$ એવી સંકર સંખ્યાઓ છે. જ્યાં $\left|\dfrac{z_1-2z_2}{2-z_1\bar{z}_2}\right| = 1$ તથા $|z_2| \neq 1$. બિંદુ $z_1$ એ (JEE 2015)

(A) 2 ત્રિજ્યાવાળા વર્તુળ પર હોય. (B) $\sqrt{2}$ ત્રિજ્યાવાળા વર્તુળ પર હોય.

(C) X-અક્ષને સમાંતર રેખા પર હોય. (D) Y-અક્ષને સમાંતર રેખા પર હોય.

**ઉકેલ :** આપણે એક પરિણામ સાબિત કરીએ :

જો $\left|\dfrac{\alpha-\beta}{1-\alpha\overline{\beta}}\right| = 1, |\beta| \neq 1,$ તો $|\alpha| = 1$

$|\alpha - \beta| = |\ 1 - \alpha\overline{\beta}\,|$

$\therefore\ |\alpha - \beta|^2 = |\ 1 - \alpha\overline{\beta}\,|^2$

$\therefore\ |\alpha|^2 + |\beta|^2 - 2\text{Re}\,(\alpha\overline{\beta}) = 1 + |\alpha|^2\,|\beta|^2 - 2\text{Re}\,(\alpha\overline{\beta})$

$\therefore\ 1 - |\alpha|^2 - |\beta|^2 + |\alpha|^2\,|\beta|^2 = 0$

$\therefore\ (1 - |\alpha|^2)\ (1 - |\beta|^2) = 0$

પરંતુ $|\beta| \neq 1$. આથી $|\alpha| = 1$

અહીં, $\alpha = \dfrac{z_1}{2}$ અને $\beta = z_2$ લેતાં, $\left|\dfrac{z_1-2z_2}{2-z_1\overline{z_2}}\right| = 1.$ આથી $\dfrac{z_1}{2} = 1,\ |z_1| = 2.$

$\therefore$ $z_1$ એ 2 ત્રિજ્યાવાળા વર્તુળ પર છે. **જવાબ :** (A)

(26) સંકર સંખ્યા $z_1 = x_1 + iy_1$ અને $z_2 = x_2 + iy_2$ માટે જો $x_1 \le x_2$ અને $y_1 \le y_2$ પ્રદેશને આપણે $z_1 \cap z_2$ વડે દર્શાવીએ.

ધારો કે $z$ એ સંકર સંખ્યા છે જ્યાં $1 \cap z$, તો

(A) $\dfrac{1-z}{1+z} \cap -i$ (B) $1 \cap \dfrac{1-z}{1+z}$ (C) $\dfrac{1-z}{1+z} \cap 0$ (D) $\dfrac{1+z}{1-z} \cap 0$

**ઉકેલ :** ધારો કે $z = x + iy$. $1 \cap z$ હોવાથી $1 \le x$ અને $0 \le y$.

હવે, $\dfrac{1-z}{1+z} = \dfrac{(1-x)-iy}{(1+x)+iy} = \dfrac{[(1-x)-iy][(1+x)-iy]}{(1+x)^2+y^2}$

$$= \frac{1-(x^2+y^2)-2iy}{(1+x)^2+y^2}$$

$x \ge 1$ અને $y \ge 0$ હોવાથી, $\dfrac{1-(x^2+y^2)}{(1+x)^2+y^2} \le 0$ અને $\dfrac{-2y}{(1+x)^2+y^2} \le 0$

$\therefore\ \dfrac{1-z}{1+z} \cap 0$ **જવાબ :** (C)

(27) $|z - i| + |z + i| \le 4$ એ આર્ગન્ડ સમતલમાં કયો પ્રદેશ દર્શાવશે ?

(A) ઉપવલયની અંદરનો ભાગ

(B) વર્તુળની બહારનો ભાગ

(C) ઉપવલય ઉપર તથા તેની અંદરનો ભાગ

(D) વર્તુળ ઉપર તથા તેની અંદરનો ભાગ

**ઉકેલ :** ધારો કે A અને B અનુક્રમે $0 + i$ તથા $0 - i$ બિંદુ દર્શાવે છે.

ધારો કે P($z$) સમતલનું કોઈ પણ બિંદુ છે.

$|z - i| + |z + i| \le 4 \ \Rightarrow PA + PB \le 4$

આમ, P એ A અને B નાભિવાળા ઉપવલય ઉપર અથવા ઉપવલયની અંદરનું બિંદુ હોઈ શકે.



આકૃતિ 2.4

**જવાબ :** (C)

(28) જો $(1 + x)^n$ ના દ્વિપદી વિસ્તરણના સહગુણકો $c_0, c_1, c_2, ..., c_n$ હોય, તો નીચે આપેલ વિકલ્પમાંથી કયો વિકલ્પ સત્ય ના બને ?

(A) $c_0 - c_2 + c_4 - c_6 + ... = 2^{\frac{n}{2}} \cos \frac{n\pi}{4}$ (B) $c_1 - c_3 + c_5 - ... = 2^{\frac{n}{2}} \sin \frac{n\pi}{4}$

(C) $c_1 + c_5 + c_9 + c_{13} + ... = \frac{1}{2}\left(2^{n-1} + 2^{\frac{n}{2}} \sin \frac{n\pi}{4}\right)$ (D) $c_1 + c_5 + c_9 + c_0 + ... = \left(2^{n-1} + 2^{\frac{n}{2}} \sin \frac{n\pi}{4}\right)$

**ઉકેલ :** $(1 + x)^n = c_0 + c_1x + c_2x^2 + c_3x^3 + ...$ $(n + 1)$ પદ (1)

(1) માં $x = i$ મૂકતાં,

$(1 + i)^n = c_0 + c_1i - c_2 - c_3i + c_4 + ...$ $(n + 1)$ પદ (2)

સમીકરણ (1)માં $x = -i$ મૂકતાં,

$(1 - i)^n = c_0 - c_1i - c_2 + c_3i + c_4 + ...$ $(n + 1)$ પદ (3)

(2) અને (3)નો સરવાળો કરતાં,

$2 (c_0 - c_2 + c_4 - c_6 + ...) = (1 + i)^n + (1 - i)^n$

$$\therefore c_0 - c_2 + c_4 - c_6 + ... = \frac{(1+i)^n + (1-i)^n}{2}$$

$$= 2^{\frac{n}{2}} \left( \frac{\left(\cos\frac{\pi}{4} + i\sin\frac{\pi}{4}\right)^n + \left(\cos\frac{\pi}{4} - i\sin\frac{\pi}{4}\right)^n}{2} \right)$$

$$= 2^{\frac{n}{2}} \left( \frac{\cos\frac{n\pi}{4} + i\sin\frac{n\pi}{4} + \cos\frac{n\pi}{4} - i\sin\frac{n\pi}{4}}{2} \right)$$

$\therefore c_0 - c_2 + c_4 - c_6 + ... = 2^{\frac{n}{2}} \cos \frac{n\pi}{4}$ (A) સત્ય છે. (4)

તે જ રીતે (2) અને (3)ની બાદબાકી કરતાં,

$2i (c_1 - c_3 + c_5 - ...) = (1 + i)^n - (1 - i)^n$

$c_1 - c_3 + c_5.... = 2^{\frac{n}{2}} \sin \frac{n\pi}{4}$ (B) સત્ય છે. (5)

આપણે જાણીએ છીએ કે $c_1 + c_3 + c_5 + .... = 2^{n-1}$ (6)

સમીકરણ (5) અને (6)નો સરવાળો કરતાં,

$2 (c_1 + c_5 + c_9 + ....) = 2^{n-1} + 2^{\frac{n}{2}} \sin \frac{n\pi}{4}$ આથી (C) સત્ય છે.

$\therefore c_1 + c_5 + c_9 + .... = \frac{1}{2}\left(2^{n-1} + 2^{\frac{n}{2}} \sin\frac{n\pi}{4}\right)$ આથી (D) અસત્ય છે. **જવાબ :** (D)

(29) જો $|z^2 - 1| = |z|^2 + 1$, તો $z$ એ ......

(A) ઉપવલય પર હોય. (B) વર્તુળ પર હોય. (C) કાલ્પનિક અક્ષ પર હોય. (D) વાસ્તવિક અક્ષ પર હોય.

**ઉકેલ :** ધારો કે $z = x + iy$

$|z^2 - 1| = |z|^2 + 1$

$\therefore |(x + iy)^2 - 1| = x^2 + y^2 + 1$

$\therefore\ \sqrt{(x^2-y^2-1)^2+(2xy)^2} = x^2+y^2+1$

$\therefore\ (x^2-y^2-1)^2+4x^2y^2 = (x^2+y^2+1)^2$

$\therefore\ -2x^2y^2+2y^2-2x^2+4x^2y^2 = 2x^2y^2+2y^2+2x^2$

$\therefore\ 4x^2 = 0.$ આથી $x = 0$

$\therefore$ $z$ એ કાલ્પનિક અક્ષ પર હોય. **જવાબ :** (C)

(30) જો $x = cos\,\theta + i\,sin\,\theta$ અને $y = cos\,\phi + i\,sin\,\phi$ તો $x^m y^n + \frac{1}{x^m y^n} = ......$

(A) $cos\,(m\theta + n\phi)$ (B) $cos\,(m\theta - n\phi)$ (C) $2cos\,(m\theta + n\phi)$ (D) $2cos\,(m\theta - n\phi)$

**ઉકેલ :** $x = e^{i\theta}$, $y = e^{i\phi}$

$$\therefore\ x^m y^n + \frac{1}{x^m y^n} = e^{im\theta}\,e^{in\phi} + e^{-im\theta}\,e^{-in\phi}$$

$$= e^{i(m\theta + n\phi)} + e^{-i(m\theta + n\phi)}$$

$$= cos\,(m\theta + n\phi) + i\,sin\,(m\theta + n\phi) + cos\,(m\theta + n\phi) - i\,sin\,(m\theta + n\phi)$$

$$= 2\,cos\,(m\theta + n\phi)$$

**જવાબ :** (C)

(31) જો $(1 + x + x^2)^n = a_0 + a_1x + a_2x^2 + ... + a_{2n}x^{2n}$, તો $a_0 + a_3 + a_6 + ... = ......$

(A) 1 (B) $2^n$ (C) $2^{n-1}$ (D) $3^{n-1}$

**ઉકેલ :** અહીં, $(1 + x + x^2)^n = a_0 + a_1x + a_2x^2 + ... + a_{2n}x^{2n}$ (1)

સમીકરણ (1)માં $x = 1$ લેતાં,

$(1 + 1 + 1)^n = a_0 + a_1 + a_2 + ... + a_{2n}$ (2)

સમીકરણ (1)માં $x = \omega$ લેતાં,

$(1 + \omega + \omega^2)^n = a_0 + a_1\omega + a_2\omega^2 + a_3\omega^3 + ... + a_{2n}\omega^{2n}$ (3)

સમીકરણ (1)માં $x = w^2$ લેતાં,

$(1 + \omega^2 + \omega^4)^n = a_0 + a_1\omega^2 + a_2\omega^4 + a_3\omega^6 + ... + a_{2n}\omega^{4n}$ (4)

સમીકરણ (2), (3), (4)નો સરવાળો કરતાં,

$3^n = 3\,(a_0 + a_3 + a_6 + ...)$

$\therefore\ a_0 + a_3 + a_6 + ... = 3^{n-1}$ $(1 + \omega + \omega^2 = 0), (\omega^3 = 1)$ **જવાબ :** (D)

(32) સમીકરણ $az^2 + z + 1 = 0$ નાં બીજ શુદ્ધ કાલ્પનિક સંખ્યા છે, જ્યાં $a = cos\,\theta + i\,sin\,\theta$. નીચેનામાંથી કયું વિધાન $f(x) = x^3 - 3x^2 + 3\,(1 + cos\,\theta)\,x + 5$ માટે સત્ય છે ?

(A) $f(x) = 0$ ને ત્રણ વાસ્તવિક બીજ મળે.

(B) $f(x) = 0$ ને એક ધન વાસ્તવિક બીજ મળે.

(C) $f(x) = 0$ ને એક ઋણ વાસ્તવિક બીજ મળે.

(D) $f(x) = 0$ ને ત્રણ બીજ મળે છે પણ બધા જ ભિન્ન ન હોય.

**ઉકેલ :** $az^2 + z + 1 = 0$ જ્યાં, $a = cos\theta + i\,sin\,\theta$

ધારો કે શુદ્ધ કાલ્પનિક સંખ્યા $z_1$ અને $z_2$ એ આ સમીકરણનાં બીજ છે.

$\therefore\ z_1 = -\,\overline{z_1}$ અને $z_2 = -\,\overline{z_2}$

બંને બીજનો સરવાળો $z_1 + z_2 = -\frac{1}{a}$ (1)

$\therefore \overline{z_1} + \overline{z_2} = \frac{1}{a}$

$\therefore \overline{z_1} + \overline{z_2} = -\frac{1}{\bar{a}}$

$\therefore -\frac{1}{a} = \frac{1}{\bar{a}}$ આથી $\frac{1}{a} + \frac{1}{\bar{a}} = 0$

$\therefore \cos\theta = 0$ $(a = \cos\theta + i \sin\theta)$

$\therefore \theta = \frac{\pi}{2}$

હવે $f(x) = 0$

$\therefore x^3 - 3x^2 + 3\left(1+\cos\frac{\pi}{2}\right) x + 5 = 0$

$\therefore x^3 - 3x^2 + 3x + 5 = 0$

$\therefore (x-1)^3 + 6 = 0.$ આથી $x = 1 + (-6)^{\frac{1}{3}}$

$\therefore f(x) = 0$ ને એક ઋણ વાસ્તવિક બીજ મળે. **જવાબ :** (C)

(33) જો $z_1 = 24 + 7i$ અને $|z_2| = 6$ તો $|z_1 + z_2|$ નું મહત્તમ તથા ન્યૂનતમ મૂલ્ય અનુક્રમે ...... થાય.

(A) 31, 19 (B) 25, 19 (C) 31, 25 (D) 24, 7

**ઉકેલ :** $|z_2| = 6$ એ વર્તુળ દર્શાવે છે.

$|z_1 + z_2| = |z_2 - (-24 - 7i)|$ એ આપેલ વર્તુળ પરના કોઈ બિંદુ તથા (–24, – 7) વચ્ચેનું અંતર દર્શાવે છે.

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે BC મહત્તમ અંતર તથા AC એ ન્યૂનતમ અંતર થશે.



આકૃતિ 2.5

$OC = \sqrt{24^2 + 7^2} = 25$

OA = 6, OB = 6

AC = OC – OA = 25 – 6 = 19

BC = OC + OB = 25 + 6 = 31

**જવાબ :** (A)

**બીજી રીત :** $|z_2| = 6 \Rightarrow z_2 = 6e^{i\theta}$ જ્યાં $\theta \in R$

$|z_1 + z_2|^2 = |24 + 7i + 6\cos\theta + i\, 6\sin\theta|^2$

$= (24 + 6\cos\theta)^2 + (7 + 6\sin\theta)^2$

$= 576 + 36\cos^2\theta + 288\cos\theta + 49 + 36\sin^2\theta + 84\sin\theta$

$= 661 + 12(24\cos\theta + 7\sin\theta)$

$= 661 + 12(25)\sin(\theta + \alpha)$ (જ્યાં $7 = 25\cos\alpha$, $24 = 25\sin\alpha$)

$|z_1 + z_2|^2 = 661 + 300\sin(\theta + \alpha)$

$\therefore |z_1 + z_2|^2$ નું મહત્તમ મૂલ્ય 961 તથા ન્યૂનતમ મૂલ્ય 361 થાય.

$\therefore |z_1 + z_2|$ નું મહત્તમ મૂલ્ય 31 તથા ન્યૂનતમ મૂલ્ય 19 થાય. **જવાબ :** (A)

(34) સંકર સંખ્યા $a$ માટે $|a| = 1$ છે. જો $az^2 + z + 1 = 0$ ને એક શુદ્ધ કાલ્પનિક બીજ હોય, તો $a$ તથા $arg$ની કિંમત .......

(A) $a = \cos\theta + \sin\theta,\ \theta = \cos^{-1}\left(\frac{\sqrt{5}-1}{2}\right)$ (B) $a = \sin\theta + i\cos\theta,\ \theta = \cos^{-1}\left(\frac{\sqrt{5}-1}{2}\right)$

(C) $a = \cos\theta + i\sin\theta,\ \theta = \cos^{-1}\left(\frac{\sqrt{5}-1}{4}\right)$ (D) $a = \sin\theta + i\cos\theta,\ \theta = \cos^{-1}\left(\frac{\sqrt{5}-1}{4}\right)$

ઉકેલ : $az^2 + z + 1 = 0$

ધારો કે $z_1$ એ આ સમીકરણનું શુદ્ધ કાલ્પનિક બીજ છે.

$\therefore\ az_1^2 + z_1 + 1 = 0$ (1)

$\therefore\ \overline{a}\left(\overline{z_1}\right)^2 + \overline{z_1} + 1 = 0$

$\therefore\ \overline{a}z_1^2 - z_1 + 1 = 0$ $(\overline{z_1} = -z_1)$ (2)

સમીકરણ (1) અને (2)માંથી $(z_1)$નો લોપ કરતાં,

$$\therefore\ \frac{z_1^2}{2} = \frac{-z_1}{a-\overline{a}} = \frac{1}{-(a+\overline{a})}$$

$$\therefore\ z_1^2 = \left(\frac{a-\overline{a}}{a+\overline{a}}\right)^2 = \frac{-2}{a+\overline{a}}$$

$$\therefore\ \left(\overline{a}-a\right)^2 + 2\left(a+\overline{a}\right) = 0$$

ધારો કે $a = \cos\theta + i\sin\theta$ $(|a| = 1)$

$\therefore\ (-2i\sin\theta)^2 + 2(2\cos\theta) = 0$

$\therefore\ -4(1-\cos^2\theta) + 4\cos\theta = 0$

$\therefore\ \cos^2\theta + \cos\theta - 1 = 0$

$$\therefore\ \cos\theta = \frac{-1\pm\sqrt{1+4}}{2} = \frac{-1\pm\sqrt{5}}{2}$$

$\cos\theta$ ની કિંમત $\frac{-1-\sqrt{5}}{2}$ ન હોઈ શકે.

$$\therefore\ \cos\theta = \frac{\sqrt{5}-1}{2}$$

$$\therefore\ \theta = \cos^{-1}\left(\frac{\sqrt{5}-1}{2}\right)$$

જવાબ : (A)

(35) જો $\cos(1-i) = a + ib$ જ્યાં $a, b \in R$ તો $a = ......$ $b = ......$

(A) $\frac{1}{2}\left(e-\frac{1}{e}\right)\cos 1,\ \frac{1}{2}\left(e+\frac{1}{e}\right)\sin 1$

(B) $\frac{1}{2}\left(e+\frac{1}{e}\right)\cos 1,\ \frac{1}{2}\left(e-\frac{1}{e}\right)\sin 1$

(C) $\frac{1}{2}\left(e+\frac{1}{e}\right)\cos 1,\ \frac{1}{2}\left(e+\frac{1}{e}\right)\sin 1$

(D) $\frac{1}{2}\left(e-\frac{1}{e}\right)\cos 1,\ \frac{1}{2}\left(e-\frac{1}{e}\right)\sin 1$

ઉકેલ : $\cos\theta = \frac{e^{i\theta}+e^{-i\theta}}{2}$

$$\therefore\ \cos(1-i) = \frac{e^{i(1-i)}+e^{-i(1-i)}}{2}$$

$$= \frac{e^{1+i}+e^{-1-i}}{2}$$

$$= \frac{e.e^{i}+\frac{e^{-i}}{e}}{2} = \frac{1}{2e}\left[e^2(\cos 1 + i\sin 1) + \cos 1 - i\sin 1\right]$$

$$\therefore\ \cos(1-i) = \frac{1}{2e}\left(e^2\cos 1 + \cos 1 + i\,e^2\sin 1 - i\sin 1\right)$$

$\therefore\ a = \frac{1}{2e}\ (e^2 \cos 1 + \cos 1),\ b = \frac{1}{2e}\ (e^2 \sin 1 - \sin 1)$

$a = \frac{1}{2}\left(e+\frac{1}{e}\right) \cos 1, \qquad b = \frac{1}{2}\left(e-\frac{1}{e}\right)\sin 1$ **જવાબ** : (B)

(36) જો $z_1, z_2, z_3 \in C,\ \Sigma z_1 \text{ Im } (\overline{z_2}\ z_3) = ......$

(A) $z_1 + z_2 + z_3$ (B) 0 (C) $\frac{1}{2i}\ (z_1 + z_2 + z_3)$ (D) $z_1 z_2 z_3$

**ઉકેલ** : ધારો કે $z_1 = r_1 e^{i\theta_1}$ ; $z_2 = r_2 e^{i\theta_2}$ ; $z_3 = r_3\, e^{i\theta_3}$

$\text{Im}\ (\overline{z_2}\ z_3) = \text{Im}\left(r_2 r_3 e^{i\,(\theta_3-\theta_2)}\right) = r_2\, r_3 \sin (\theta_3 - \theta_2)$

$\therefore\ z_1 \text{ Im } (\overline{z_2}\, z_3) = r_1\, r_2 r_3\ e^{i\theta_1} \sin (\theta_3 - \theta_2)$

$\therefore\ \Sigma\, z_1 \text{ Im } (\overline{z_2}\, z_3) = r_1\, r_2 r_3\ \{e^{i\theta_1} \sin (\theta_3 - \theta_2) + e^{i\theta_2} \sin (\theta_1 - \theta_3) + e^{i\theta_3} \sin (\theta_2 - \theta_1)\}$

હવે, $\sin (\alpha - \beta)$ના સૂત્રનો ઉપયોગ કરતાં તથા $e^{i\theta} = \cos\theta + i \sin\theta$ પરથી,

$\Sigma z_1 \text{ Im } (\overline{z_2}\ z_3) = 0$ **જવાબ** : (B)

(37) $e^{i\,(2k \cot^{-1} m)} \left(\frac{mi+1}{mi-1}\right)^k = ......$ જ્યાં $k \in Z,\ m > 0$

(A) 0 (B) 1 (C) –1 (D) 2

**ઉકેલ** : $e^{i\,(2k \cot^{-1} m)} \left(\frac{mi+1}{mi-1}\right)^k$

$= [\cos (2k \cot^{-1} m) + i \sin (2k \cot^{-1} m)] \left(\frac{mi+1}{mi-1}\right)^k$

$= e^{i\,2k\theta} \left[\frac{(mi+1)^2}{m^2+1}\right]^k$ જ્યાં $\cot^{-1} m = \theta$

$= e^{i\,2k\theta} \left[\frac{m-i}{\sqrt{m^2+1}}\right]^{2k} = e^{i\,2k\theta}\ [\cos\theta - i \sin\theta]^{2k} = e^{i\,2k\theta}\ e^{-i\,2k\theta} = 1$ **જવાબ** : (B)

(38) જો $(1 + ir)^3 = s\,(1 + i)$ જ્યાં $r, s \in R$ તો $r$ ની શક્ય કિંમતોનો સરવાળો ...... થાય.

(A) 1 (B) –3 (C) 3 (D) 0

**ઉકેલ** : જો $\cos\theta = \frac{1}{\sqrt{1+r^2}}$ અને $\sin\theta = \frac{r}{\sqrt{1+r^2}}$ લઈએ તો,

આપેલ સમીકરણ પરથી $\left[\sqrt{1+r^2}\,(\cos\theta + i \sin\theta)\right]^3 = s\,(1 + i)$

$\therefore\ \left(\sqrt{1+r^2}\right)^3 (\cos 3\theta + i \sin 3\theta) = s\,(1 + i)$

$\left(1+r^2\right)^{\frac{3}{2}} \cos 3\theta = s,\ \left(1+r^2\right)^{\frac{3}{2}} \sin 3\theta = s$

$\therefore\ \cos 3\theta = \sin 3\theta$

$\therefore\ 4\cos^3\theta - 3\cos\theta = 3\sin\theta - 4\sin^3\theta$

$$\therefore\ \frac{4}{\left(\sqrt{1+r^2}\right)^3} - \frac{3}{\sqrt{1+r^2}} = \frac{3r}{\sqrt{1+r^2}} - \frac{4r^3}{\left(\sqrt{1+r^2}\right)^3}$$

$\therefore\ 4 - 3(1+r^2) = 3r(1+r^2) - 4r^3$

$\therefore\ r^3 - 3r^2 - 3r + 1 = 0$

$\therefore$ $r$ ની શક્ય કિંમતનો સરવાળો = ઉપરના સમીકરણનાં બીજનો સરવાળો $= 3$ **જવાબ : (C)**

(39) જો સમીકરણ $8x^2 - 10x + 3 = 0$ નાં બીજ $\alpha$ અને $\beta^2$ (જ્યાં, $\beta^2 > \frac{1}{2}$) હોય, તો જેનાં બીજ $(\alpha + i\beta)^{100}$ અને $(\alpha - i\beta)^{100}$ હોય તેવું સમીકરણ ......

(A) $x^2 - x + 1 = 0$ (B) $x^2 + x + 1 = 0$ (C) $x^2 - x - 1 = 0$ (D) $x^2 + x - 1 = 0$

**ઉકેલ :** $8x^2 - 10x + 3 = 0$

$\therefore\ (4x-3)(2x-1) = 0$

$\therefore\ x = \frac{3}{4}$ અથવા $x = \frac{1}{2}$

$\therefore\ \alpha = \frac{1}{2}$ અને $\beta = \frac{\pm\sqrt{3}}{2}$ $\left(\beta^2 > \frac{1}{2}\right)$

$\therefore\ \alpha + i\beta = \frac{1+i\sqrt{3}}{2} = e^{\frac{i\pi}{3}}$ અથવા $\frac{1-i\sqrt{3}}{2} = e^{\frac{-i}{3}}$

$$\therefore \left(\frac{1+i\sqrt{3}}{2}\right)^{100} + \left(\frac{1-i\sqrt{3}}{2}\right)^{100} = e^{\frac{i100\pi}{3}} + e^{\frac{-i100\pi}{3}} = 2\cos\frac{100\pi}{3} = 2\left(\frac{-1}{2}\right) = -1$$

$$\text{વળી, } \left(\frac{1+i\sqrt{3}}{2}\right)^{100}\left(\frac{1-i\sqrt{3}}{2}\right)^{100} = e^{\frac{i100\pi}{3}} \cdot e^{\frac{-i100\pi}{3}} = 1$$

માંગેલ સમીકરણ $x^2 + x + 1 = 0$ **જવાબ : (B)**

(40) $w$ ($I_m(w) \neq 0$) એ સંકર સંખ્યા છે. સમીકરણ $w - \overline{w}z = k(1-z)$, $k \in R$ ના બિંદુગણનું સ્વરૂપ ...... થશે.

(A) $\{z \mid |z| = 1\}$ (B) $\{z \mid z = \overline{z}\}$ (C) $\{z \mid z \neq 1\}$ (D) $\{z \mid |z| = 1, z \neq 1\}$

**ઉકેલ :** ધારો કે $w = a + ib$, $b \neq 0$ તથા $z = x + iy$,

$w - \overline{w}z = k(1-z)$

$\therefore\ a + ib - (a - ib)(x + iy) = k(1 - x - iy)$

$\therefore\ a + ib - (ax + ayi - bxi + by) = k(1-x) - iky$

$\therefore\ (a - ax - by) + i(b - ay + bx) = k(1-x) - kyi$

વાસ્તવિક અને કાલ્પનિક ભાગને સરખાવતાં,

$k = \dfrac{a - ax - by}{1 - x}$, $\qquad k = \dfrac{ay - bx - b}{y}$

$\therefore\ ay - axy - by^2 = ay - bx - b - ayx + bx^2 + bx$

$\therefore\ - by^2 = bx^2 - b \quad (b \neq 0)$

$\therefore\ x^2 + y^2 = 1$ આ પણ શક્ય છે.

આથી $|z| = 1,\ z \neq 1$ પરંતુ $z = 1$ તો $b = 0$ **જવાબ : (D)**

(41) જો $(cos\ \theta + i\ sin\ \theta)\ (cos2\theta + i\ sin2\theta)\ ...\ (cos\ n\ \theta + i\ sin\ n\ \theta) = 1$ તો $\theta =$ ......

(A) $\dfrac{2k\pi}{n(n+1)},\ k \in Z$ (B) $\dfrac{k\pi}{n(n+1)},\ k \in Z$ (C) $\dfrac{4k\pi}{n(n+1)},\ n \in Z$ (D) $\dfrac{k\pi}{2n(n+1)},\ k \in Z$

**ઉકેલ :** $(cos\ \theta + i\ sin\ \theta)\ (cos2\theta + i\ sin2\theta)\ ...\ (cos\ n\ \theta + i\ sin\ n\ \theta) = 1$

